## નિપુણ ભારત નિપુણ ગુજરાત મિશન અંતર્ગત

**પ્રારંભિક શિક્ષણ પાયાની સાક્ષરતા અને અંકજ્ઞાન**
**માટેની શૈક્ષણિક સહાયક સામગ્રી**

NIPUN BHARAT



# વાર્તા સંગ્રહ

## ભાગ - ૫






GCERT
Gandhinagar

समग्र शिक्षा
Samagra Shiksha








# અનુક્રમણિકા


૧. ડાહ્યો રાજકુમાર
૨. બીરબલે રસ્તો ટૂંકો કર્યો
૩. અકબરે કહ્યું: ‘મને માફ કર!’
૪. ઉપવાસ કરતા વાંદરાં
૫. સિંહ અને ઉંદર
૬. બાપુનો કિંમતી સિક્કો
૭. ત્રણ પ્રશ્નો
૮. કીડી અને ખડમાકડી
૯. આળસુ રિયાન
૧૦. ખેડૂત અને કૂવો
૧૧. વિદ્યાનો સદુપયોગ
૧૨. પૈસાનું મૂલ્ય
૧૩. જેવું કરો તેવું પામો
૧૪.મિત્ર કોણ?
૧૫. દોસ્તીનો મંત્ર
૧૬. વાંદરો અને કઠિયારો
૧૭. વગર વિચારે જે કરે તે પસ્તાય
૧૮. તરસ્યો કાગડો
૧૯. શિયાળની ચતુરાઈ
૨૦. વાંદરા અને મગરની દોસ્તી
૨૧. વાવો તેવું લણો
૨૨. ધીરજનાં ફળ મીઠાં
૨૩. કોણ નાનું કોણ મોટું?



★ ★ ★ ★ ★

# ૧. ડાહ્યો રાજકુમાર



રઘુપતિ નામનો એક રાજા હતો. તેને ત્રણ પુત્રો હતા. પહેલા પુત્રનું નામ સમય, બીજા પુત્રનું નામ યશ અને ત્રીજા પુત્રનું નામ જ્ઞાન હતું.

મરતા પહેલાં રાજાએ તેમના પુત્રોને કહ્યું કે, 'જે આ ઓરડાને કોઈ પણ ચીજથી સૌથી પહેલા ભરી દેશે તે રાજા બનશે.' પહેલા પુત્રે હીરાથી અડધો ઓરડો ભરી દીધો.




બીજા પુત્રએ કપાસથી એટલે રૂ વડે ઓરડો ભર્યો પરંતુ તે પૂરો ભરાયો નહીં. ત્રીજા પુત્રએ ઓરડાની વચ્ચે દીવો સળગાવીને મૂક્યો. તેનો પ્રકાશ આખા ઓરડામાં ફેલાઈ ગયો.

રાજા તેના આ પુત્રથી ખૂબ ખુશ થઈ ગયા. બીજા બે ભાઈઓ પોતાના પરાજયથી શરમાઈ ગયા. આ રીતે જ્ઞાન તેના પિતાના મૃત્યુ પછી રાજા બન્યો.

# ૨. બીરબલે રસ્તો ટૂંકો કર્યો

અકબર રાજા તેમના દરબારીઓ સાથે દૂરના સ્થળે જઈ રહ્યા હતા. તે ગરમીનો દિવસ હતો અને રાજા મુસાફરીને લીધે થાકી ગયા હતા.


તેમણે પૂછ્યું, 'શું કોઈ આ રસ્તો મારા માટે ટૂંકો કરી શકે છે?'

બીરબલે કહ્યું, 'હું કરી શકું તેમ છું.'

બીજા દરબારીઓ આશ્ચર્યથી એકબીજા સામે જોઈ રહ્યા. તેઓ બધા જ જાણતા હતા કે ટેકરીઓવાળા જે રસ્તા પરથી તેઓ મુસાફરી કરી રહ્યા હતા તે સિવાય બીજો કોઈ રસ્તો નહોતો.

રાજાએ કહ્યું, 'તમે રસ્તો ટૂંકો કરી શકો છો. એમ! તો કરી બતાવો.'





બીરબલે કહ્યું, 'ચોક્કસ. પહેલાં હું જે વાર્તા કહું તે સાંભળો.'

તે રાજાની પાલખીની સાથેસાથે તેનો ઘોડો હંકારવા લાગ્યો. રાજાને તેણે એક લાંબી અને રસપ્રદ વાર્તા કહેવા માંડી. અકબર અને તેના દરબારીઓ મંત્રમુગ્ધ થઈ સાંભળવા લાગ્યા. તેમને ખબર પડી તે પહેલાં તો તેઓ પોતાના મુકામે પહોંચી ગયા હતા.

'આપણે પહોંચી ગયા? આટલા જલદી?' રાજાએ આશ્ચર્યથી કહ્યું.

# ૩. અકબરે કહ્યું: 'મને માફ કર!'



એક દિવસ બાદશાહ અકબરે ગુસ્સે થઈને બીરબલને પોતાનો મહેલ છોડી જવા કહ્યું પરંતુ, ટૂંક સમયમાં જ તેમને બીરબલની યાદ આવવા લાગી. તેમણે બીરબલને શોધવા પોતાના માણસોને મોકલ્યા. માણસોએ બીરબલને ખૂબ શોધ્યો પણ તે ક્યાંય મળ્યો નહિ.


બાદશાહને એક યુક્તિ સૂઝી. તેમણે જાહેર કર્યું કે 'જે વ્યક્તિ તેમની એક શરતનું પાલન કરશે. તેને ૧૦૦૦ સોના મહોર આપવામાં આવશે.' શરત આ હતી - એ માણસે સૂર્યના તડકામાં છત્રી વગર ચાલવાનું હતું પણ તેમ છતાં તેણે છાંયડામાં રહેવાનું હતું.

'અશક્ય' - લોકોએ કહ્યું.

ત્યારે માથા ઉપર એક ખાટલો લઈને આવેલા ગામડિયાએ ઈનામ જીત્યું. 'હું તડકામાં ચાલ્યો છું તેમ છતાં મારી ઉપર આ ખાટલાનો છાંયડો છે.' - તે બોલ્યો.

આ એક બુદ્ધિશાળી ઉપાય હતો. જ્યારે પૂછવામાં આવ્યું ત્યારે, ગામડિયાએ જણાવ્યું કે આ વિચાર તેને તેની સાથે રહેતા એક માણસે આપ્યો હતો. 'તે બીરબલ જ હોઈ શકે!' ખુશ થઈને બાદશાહ બોલ્યા.

હા, જરૂર તે બીરબલ જ હતો અને તેને જોતા જ બાદશાહે કહ્યું, 'મને માફ કર!' અને તેને પાછા આવવા વિનંતી કરી.



# ૪. ઉપવાસ કરતા વાંદરાં


એક દિવસ, વાંદરાના ટોળાએ ઉપવાસ કરવાનો નિર્ણય લીધો. 'ઉપવાસ શરૂ કરીએ તે પહેલાં, આપણે ઉપવાસ તોડયા પછી ખાવાનું ભોજન તૈયાર રાખવું જોઈએ.' - એક વૃદ્ધ વાંદરાએ સલાહ આપી.

બીજા વાંદરાઓએ સહમતીમાં માથું હલાવ્યું. યુવાનોને ખોરાકની શોધમાં મોકલી દેવામાં આવ્યા, તેઓ સ્વાદિષ્ટ દેખાતા કેળાં લઈને પાછા ફર્યા. 'મને લાગે છે કે આપણે સૌએ ઉપવાસ શરૂ કરતાં પહેલા પોતપોતાના ભાગના કેળાં વહેંચી લેવા જોઈએ. જેથી પછી વહેંચવામાં સમય વેડફાય નહીં. તે વખતે આપણે કેવા ભૂખ્યા થયાં હશું!' - વાંદરાના વડાની પત્નીએ કહ્યું. વાંદરાઓને વિચાર ગમ્યો અને તેમણે તેવું જ કર્યું.




‘શા માટે આપણે કેળાં છોલીને તેમને ખાવા માટે તૈયાર નથી રાખતાં?’ - એક યુવાને કહ્યું. ‘હા, ચાલો આપણે એવું જ કરીએ.’ - જાડા વાંદરાએ સહમતીમાં જોરથી કહ્યું. ‘ઠીક છે.’ - વાંદરાંના વડાએ કહ્યું. ‘પણ આપણે કોઈ પણ શરતે તે ખાવા ન જોઈએ.’ તેથી વાંદરાઓએ કેળાં છોલીને સાંજે ખાવા માટે તૈયાર કરી દીધા.

‘શું હું કેળું મારા મોમાં રાખી શકું? હું વચન આપું છું કે હું સાંજ સુધી ખાઈશ નહીં!’ - એક નાના વાંદરાએ તેના પિતાને કહ્યું. ‘શા માટે આપણે બધાએ કેળાં મોમાં ન મૂકવા જોઈએ? આ રીતે આપણે જેવો ઉપવાસ તોડીએ કે તરત જ કેળાં ચાવવા માંડીશું.’ - તેના પિતાને કહ્યું.



‘જ્યાં સુધી આપણે તેમને ન ખાઈએ ત્યાં સુધી બરાબર છે.’ - તેમણે ઉમેર્યું.

તેથી વાંદરાઓએ કેળાં તેમના મોમાં મૂકી દીધા. જેવા ઉપવાસ ચાલુ થયા તેઓ એકબીજા સામે જોઈને બેચેન થવા લાગ્યા અને તમે કલ્પના કરી શકો છો કે થોડા જ સમયમાં કેળાં તેમના ગળામાં ઉતરી ગયા અને ગાયબ થઈ ગયા અને ઉપવાસનો અંત ઉપવાસ કરતા પહેલાં જ આવી ગયો.



# ૫. સિંહ અને ઉંદર


એક સિંહ સૂતો હતો. એક ઉંદર તેના મોઢા ઉપર દોડયો. તેથી સિંહ ગુસ્સે થયો. સિંહ ઉંદરને મારવા માંગતો હતો. ઉંદર ખૂબ ડરી ગયો. તેણે સિંહને વિનંતી કરી કે તેને ન મારે અને વચન પણ આપ્યું કે જયારે સિંહનો જીવ જોખમમાં હશે ત્યારે તે મદદ કરશે. સિંહ તેની વાત સાંભળીને હસ્યો અને તેણે ઉંદરને છોડી દીધો.

બીજા દિવસે સિંહ શિકારીઓની જાળમાં ફસાઈ ગયો. તે લોકોએ સિંહને ઝાડ સાથે બાંધી દીધો. પછી જમવા માટે જતા રહ્યા. સિંહની ગર્જના સાંભળીને ઉંદર તેની પાસે દોડી આવ્યો. તેણે જલદીથી પોતાના દાંતથી જાળ કાપી નાખી. સિંહ છૂટી ગયો. સિંહે ઉંદરનો આભાર માન્યો. તે ઉંદર પર હસ્યો હતો તે માટે તેને દુઃખ થયું.




# ૬. બાપુનો કિંમતી સિક્કો

ગાંધીજી ‘ચરખા સંઘ’ માટે પૈસા ભેગા કરવા ગામે-ગામ ફરતા હતા. એક વખત ઓરિસ્સામાં ભાષણ આપ્યા બાદ એક ગરીબ ઘરડી સ્ત્રી ભીડમાંથી જગ્યા કરીને બાપુ સુધી પહોંચી. પછી તેણે પોતાની સાડીના છેડે બાંધેલ એક તાંબાનો સિક્કો કાઢ્યો અને તે સિક્કો બાપુના ચરણેમાં ધરી દીધો. ગાંધીજીએતે સિક્કો ઉપાડીને સાચવીને મૂકી દીધો.




ચરખા સંઘના ફાળાના પૈસા જમનાલાલ બજાજના હાથમાં રહેતા હતા. તેમણે ગાંધીજી પાસેથી પેલો સિક્કો માગ્યો, પરંતુ ગાંધીજીએ તે સિક્કો આપવાની ના પાડી. જમનાલાલે કહ્યું, 'હું હજારો રૂપિયા સાચવું છે તેમ છતાં તમે એક તાંબાના સિક્કા માટે મારા પર વિશ્વાસ ન કરી શકો?'


ગાંધીજીએ કહ્યું, 'આ પેલા હજારો રૂપિયા કરતાં વધારે કિંમતી છે.' જો માણસ પાસે લાખો રૂપિયા હોય અને તેમાંથી એક કે બે હજાર આપે તો તેનો વધારે અર્થ રહેતો નથી. પરંતુ આ સિક્કો તો કદાચ પેલી સ્ત્રીની બધી જ મૂડી હતી. તેણે ખૂબ મોટું દાન આપ્યું છે તેથી જ મારા માટે આ તાંબાના સિક્કાની કિંમત એક કરોડ રૂપિયા કરતાં પણ વધારે છે.



# ૭. ત્રણ પ્રશ્નો

બાદશાહ અકબરને બીરબલ ખૂબ ગમતો હતો. તેની એક દરબારીને ઘણી ઈર્ષા થતી. આ દરબારીને હંમેશા મુખ્યમંત્રી બનવાની ઈચ્છા થતી, પણ બીરબલ તે પદ પર હોવાથી તે શક્ય ન હતું. એક દિવસ, અકબરે તે દરબારીની સામે બીરબલના વખાણ કર્યા. આથી દરબારી ખૂબ ગુસ્સે થયો. તેમણે કહ્યું કે બાદશાહે કરેલા વખાણ અન્યાયી છે અને જો બીરબલ તેમના ત્રણ પ્રશ્નોના જવાબ આપે તો જ તે સ્વીકારશે કે બીરબલ બુદ્ધિશાળી છે. બીરબલની ચતુરાઈની પરીક્ષા કરવાની કોઈ પણ તકને અકબર આવકારતો, તેણે તેવું કરવા તરત જ સહમતી આપી. અકબરે બીરબલને કહ્યુ કે જો તે ત્રણ પ્રશ્નોના જવાબ નહીં આપી શકે તો તેણે મુખ્યમત્રીનું પદ ત્યાગવું પડશે.





તે ત્રણ પ્રશ્નો હતા. (૧) આકાશમાં કેટલા તારા છે? (૨) પૃથ્વીનું મધ્યબિંદુ કયા છે? (૩) વિશ્વમાં કેટલા પુરુષો અને કેટલી સ્ત્રીઓ છે?

પ્રથમ પ્રશ્નનો જવાબ આપવા બીરબલ એક રુંવાટીવાળું ઘેટું લાવ્યો અને કહ્યું. 'આ ઘેટાંના શરીર પર જેટલા વાળ છે તેટલા જ આકાશમાં તારા છે. મારો મિત્ર દરબાર ઈચ્છે તો તે ગણી શકે છે.'


બીજા પ્રશ્નનો જવાબ આપવા માટે બીરબલે જમીન પર બે રેખાઓ દોરી અને તેમાં લોખંડના સળિયા વડે કાણું પાડીને કહ્યું કે, 'પૃથ્વીનું મધ્યબિંદુ અહીં છે. જો તે દરબારીને કોઈ શંકા હોય તો તે પોતાની જાતે માપી શકે છે.'

ત્રીજા પ્રશ્નોના જવાબમાં બીરબલે કહ્યું કે, 'વિશ્વમાંના પુરુષો અને સ્ત્રીઓની ચોક્કસ સંખ્યા ગણવામાં એક મુશ્કેલી થશે. તેથી, જો, આ દરબારી સહિત બધા લોકોને મારી નાખવામાં આવે તો જ કોઈ ચોક્કસ સંખ્યા ગણી શકે.'

# ૮. કીડી અને ખડમાકડી

એક કીડી અને એક ખડમાકડી જંગલમાં રહેતા હતા. કીડી સખત કામ કરતી હતી. પણ ખડમાકડી આળસુ હતી. ઉનાળાના દિવસોમાં કીડી ખોરાક લઈ જતી અને ભવિષ્ય માટે સાચવતી. જ્યારે શિયાળો આવ્યો, ત્યારે ખડમાકડીએ કીડી પાસે ખાવાનું માંગ્યું. કીડીએ પૂછ્યું, 'તમે ઉનાળામાં ખોરાક ભેગો કરવાને બદલે શું કરતા હતાં?' ખડમાકડીએ કહ્યું, 'હું ઉનાળાની મજામાં ગાતી હતી.' કીડીએ જવાબ આપ્યો, 'મારી પાસે ફક્ત મારા અને મારા પરિવાર માટે પૂરતું ખાવાનું છે. હવે જાઓ અને શિયાળામાં નૃત્ય કરો.'






# ૯. આળસુ રિયાન

રિયાન નામનો એક છોકરો હતો જે એટલો આળસુ હતો કે તે તેના કપડાં પણ બદલી શકતો ન હતો.

એક દિવસ, તેણે જોયું કે તેમના આંગણાંમાં સફરજનનું ઝાડ ફળોથી ભરેલું હતું. તે કેટલાક સફરજન ખાવા માંગતો હતો, પરંતુ તે ઝાડ પર ચડીને ફળ લેવા માટે ખૂબ આળસુ હતો. તેથી, તે ઝાડ નીચે સૂઈ ગયો અને ફળો પડે તેની રાહ જોવા લાગ્યો. તેણે ખૂબ રાહ જોઈ, પરંતુ સફરજન ક્યારેય પડયું નહીં.

# ૧૦. ખેડૂત અને કૂવો




એક ખેડૂતને તેના ખેતર માટે પાણીના સ્ત્રોતની જરૂર હતી, તેથી તેણે તેના પાડોશી પાસેથી કૂવો ખરીદ્યો. જોકે, પાડોશી ચાલાક હતો. બીજા દિવસે, ખેડૂત તેના કૂવામાંથી પાણી લેવા આવ્યો ત્યારે પાડોશીએ તેને પાણી લેવાની ના પાડી.

જ્યારે ખેડૂતે 'શા માટે?' તેવું પૂછ્યું, ત્યારે પાડોશીએ જવાબ આપ્યો, 'મેં તને કૂવો વેચ્યો હતો, પાણી નહીં.' પરેશાન થઈને ખેડૂત ન્યાય માંગવા બાદશાહ પાસે ગયો. તેણે સમજાવ્યું કે શું થયું હતું.

બાદશાહે બીરબલને બોલાવ્યો, જે તેના નવ દરબારીઓમાં સૌથી બુદ્ધિશાળી હતો. બીરબલે પાડોશીને પૂછ્યું, 'તમે ખેડૂતને કૂવામાંથી પાણી કેમ લેવા દેતા નથી? તમે ખેડૂતને કૂવો વેચી દીધો, બરાબર ને?'

પાડોશીએ જવાબ આપ્યો, ‘બીરબલ, મેં કૂવો ખેડૂતને વેચ્યો હતો પણ તેનું પાણી નહીં. તેને કૂવામાંથી પાણી લેવાનો અધિકાર નથી.’

બીરબલે કહ્યું, ‘જુઓ, તમે કૂવો વેચી દીધો હોવાથી તમને ખેડૂતના કૂવામાં પાણી રાખવાનો કોઈ અધિકાર નથી. કાંતો તમે ખેડૂતને ભાડું આપો અથવા તરત જ પાણી બહાર કાઢો. પાડોશીની યોજના નિષ્ફળ ગઈ હોવાનું સમજીને તેણે માફી માંગી અને ઘરે ગયો.



# ૧૧. વિદ્યાનો સદુપયોગ




લાડુપુર નામે એક રાજ્ય હતું. ત્યાં લાડુજી નામે એક રાજા રહેતો હતો. તેના પ્રધાનનું નામ શીરાચલ હતું. તેને ત્રણ દીકરા હતા.


પ્રધાન શીરાચલે તેના ત્રણેય દીકરાને વિદ્યા અભ્યાસ માટે અલગ અલગ રાજ્યોમાં મોકલ્યા. પિતાની આજ્ઞા લઈને દીકરાઓ વિદ્યા શીખવા નીકળી પડયા.

ત્રણે દીકરાઓ અલગ અલગ વિદ્યા શીખ્યા અને ઘરે પરત ફર્યા. સૌથી મોટો દીકરો જાદુ વિદ્યા શીખ્યો. બીજા નંબરનો સોફટવેર ડિકોડિંગ અને ત્રીજા નંબરનો કરાટે શીખ્યો.

ઘરે આવીને જાણવા મળ્યું કે રાજ્યની કુંવરીને બાજુના રાજ્યનો રાજા અપહરણ કરી ગયો છે. પ્રધાને તેમના ત્રણે દીકરાને રાજાની કુંવરી શોધવા મદદ કરવાનું કહ્યું.







મોટા દીકરાએ જાદુથી જાણી લીધું કે રાજકુમારી ક્યાં છે? ત્રણે ભાઈઓ ત્યાં પહોંચી ગયા. મોટાભાઈએ જાદુ વિદ્યાથી જોયું કે રાજકુમારીને એક ઓરડામાં સંતાડી છે. ત્રણે ભાઈઓ તે ઓરડામાં ગયા.

ઓરડાની બહાર સૈનિકો પહેરો ભરતા હતા. ત્રીજો ભાઈ કરાટે વિદ્યામાં પ્રવીણ હતો. તેણે કરાટેથી બધા સૈનિકોને ધૂળ ચાટતા કરી દીધા. ઓરડાની બહાર પાસવર્ડ સેટ કરી તાળું માર્યું હતું. ત્રીજા દીકરાએ પાસવર્ડ ડિકોડ કરી તાળું ખોલી નાખ્યું. ત્રણે ભાઈઓ રાજકુમારીને લઈને રાજધાની પાછા ફર્યા. રાજ્યમાં આનંદનો પાર ન રહ્યો. રાજાએ ત્રણેયને મોટું ઈનામ આપ્યું.

# ૧૨. પૈસાનું મૂલ્ય

ધનેશભાઈ ખૂબ ધનિક. તેમને એક પુત્ર હતો. તેને તેમણે ખૂબ લાડકોડ થી મોટો કર્યો. લાડકોડમાં ઉછર્યો હોવાથી છોકરો ખૂબ ઉડાઉ થઈ ગયો હતો. દીકરાને પૈસા વેડફી નાખતા જોઈને ધનેશભાઈને ખુબ જ દુઃખ થતું. તેમને તેના ભવિષ્યને લઈને ચિંતા થતી.

એક દિવસ પુત્ર મિત્ર સાથે પાર્ટી કરવા પૈસા માંગવા આવ્યો. ધનેશભાઈએ કહ્યું, 'હવે હું તમને એક પૈસો એ નહીં આપું, જાતે કમાઈ અને પૈસા લાવી બતાવો.'

દીકરાને પિતાની ટકોરથી ખૂબ લાગી આવ્યું. તે ઘરેથી પૈસા કમાવા નીકળી ગયો. મનથી નક્કી કર્યું કે હું કમાઈ શકું છું તે પિતાજીને બતાવીને જ રહીશ.




પુત્ર ભણેલો હતો. કમ્પ્યુટરનો જાણકાર હતો. એક દુકાનમાં રોજના બિલો બનાવવાના બસો રૂપિયા પગાર સાથે કામ શરૂ કર્યું. સાંજે ઘરે જઈને પિતાને હાથમાં બસો રૂપિયા આપી કહ્યું, લો આ મારી કમાઈ. પિતાજીએ તે બસો રૂપિયા તેની સામે જ એક ભિખારીને દાનમાં આપી દીધા.

આવું થોડા દિવસ સુધી ચાલ્યું. દીકરો પિતાજીને પૈસા આપે. પિતાજી ભિખારીને આપી દે. એક દિવસ પુત્ર એ પૂછ્યું, 'પિતાજી તમે મારી કમાણી કેમ ભિખારીને આપી દો છો ? હું કેટલી મહેનત કરું છું ? અને તે ભિખારી મારી મહેનતના બસો રૂપિયા લઈ જાય છે.'

પિતાજીએ કહ્યું, 'હું જાણું છું તું દિવસભર મહેનત કરીને કમાય છે. જ્યારે તારી કમાણી હું આ ભિખારીને આપી દઉં છું તો તારો જીવ કપાઈ જાય છે. તો જ્યારે તું મારા પૈસા વેડફી નાખતો હતો ત્યારે મને કેવું લાગતું હશે ?'

પુત્રને પોતાની ભૂલ સમજાઈ. સખત મહેનત કરી તે પણ ધનેશભાઈની જેમ ખૂબ જ આગળ વધ્યો અને મોટો વેપારી બન્યો.

બીજાના પૈસા વેડફવા સરળ છે, પણ જાતે કમાઈએ ત્યારે પૈસાનું મૂલ્ય સમજાય છે.





# ૧૩. જેવું કરો તેવું પામો

ગુસ્સેલચંદ ખૂબ જ ક્રોધી હતો. તે વાતે વાતે ક્રોધ કરતો. એક દિવસ તેને રસ્તામાં એક સંત મળ્યા. સંતને જોઈ ગુસ્સેલચંદ તેમને કઠોર વાક્યો બોલવા લાગ્યો. તેને એમ કે તે સંત સામે ગુસ્સે થશે, પણ સંત તો હસતા જ રહ્યા. તેમની આંખોમાં ગુસ્સો નહીં પણ કરુણાનો ભાવ હતો.

આ જોઈ ગુસ્સેલચંદ વધુને વધુ કઠોર શબ્દો બોલવા લાગ્યો, પરંતુ સંતના ચહેરા પર પ્રસન્નતા અને કરુણાનો ભાવ યથાવત હતો. અંતે ગુસ્સેલચંદ થાક્યો અને કહેવા લાગ્યો કે મેં આટલા બધા કઠોર શબ્દો કહ્યાં, છતાં તમને કેમ કોઈ ફરક પડતો નથી ?

સંતે કહ્યું, 'મેં તારા એક પણ શબ્દને ગ્રહણ કર્યા નથી.' ગુસ્સેલચંદે નવાઈથી પૂછ્યું કે તો એ શબ્દો ક્યાં ગયા ? સંતે કહ્યું, 'એ બધા તારી પાસે જ રહ્યા.' ગુસ્સેલચંદ મૂંજવણમાં પડી ગયો.





સંતે તેને સમજાવતા કહ્યું, તારા ખિસ્સામાં જે પૈસા છે એ તું મને આપે પરંતુ હું ન લઉં તો પૈસા કોની પાસે રહે ? ગુસ્સેલચંદે કહ્યું, 'મારી પાસે જ રહે.'

બસ. તે આપેલા શબ્દો મેં ન સ્વીકાર્યા એટલે એ શબ્દો તારી પાસે જ રહ્યા ને.

ગુસ્સેલચંદનો ગુસ્સો ઉતરી ગયો. હવે તે કોઈને પણ કઠોર શબ્દો ન બોલતો કે ગુસ્સો ન કરતો.

# ૧૪.મિત્ર કોણ?

એક સસલું હતું. તેને અનેક મિત્રો હતા. સસલું તો સૌની સાથે હળેમળે અને વાતચીત કરે, ગમ્મત પણ કરે. સમય આવ્યે તે પોતાનાથી બનતી મદદ પણ મિત્રોને કરે. હવે, બન્યું એવું કે એક દિવસ સસલું પોતે મુસીબતમાં સપડાઈ ગયું. શિકારી કૂતરા તેની પાછળ પડયા. સસલું તો ભાગતા ભાગતા છેવટે હાંફી ગયું. મોકો મળતાં તે ઝાડીમાં સંતાઈ ગયું. સસલાએ વિચાર્યું જો મારા મિત્રો મને બચાવવા નહિ આવે તો શિકારી કૂતરા સૂંઘતા આવશે અને મને શોધી લેશે અને મારી નાંખશે.


એટલામાં જ સસલાનો મિત્ર ઘોડો આવ્યો. ઘોડાને જોઈને સસલું બોલ્યું, 'મારી પાછળ શિકારી કૂતરા પડયા છે. તું મને કોઈ સલામત સ્થળે પીઠ પર બેસાડી લઈ જા, નહિં તો એ શિકારી કૂતરા મને મારી નાખશે.'



ઘોડાએ કહ્યું, ‘સસલાભાઈ હું ખૂબ ઉતાવળમાં છું. લે, આ તારો દોસ્ત બળદ આવ્યો એને કહે, એ તને જરૂર મદદ કરશે.’ સસલાએ બળદને વિનંતી કરી, ‘મને તારી પીઠ પર બેસાડી સલામત જગ્યાએ પહોંચાડી દે નહિંતર શિકારી કૂતરા મને મારી નાખશે.’ બળદે કહ્યું, ‘પેલાં ઘાસનાં મેદાનમાં મારા મિત્રો મારી રાહ જોઈ રહ્યા છે. તેથી હું ત્યાં જાઉં છું. લે, આ તારો મિત્ર બકરો આવ્યો એને પૂછી જો.’ સસલાએ બકરાભાઈને કહ્યું, ‘મને શિકારી કૂતરાઓથી બચાવ.’ બકરો પણ બહાનું બતાવી જતો રહ્યો. જતાં જતાં કહેવા લાગ્યો કે, ‘જો, તારું દોસ્ત ઘેટું આવ્યું. એને વાત કર. એ તને જરૂર મદદ કરશે.’

આમ, સસલાનાં મિત્રોએ સસલાને એના નસીબ પર છોડી દીધું. કોઈને કોઈ બહાનું બતાવી છટકી ગયા. સસલું સમજી ગયું કે મારા સારા દિવસોમાં ઘણા મિત્રો હતા પણ આજે મુસીબતમાં મારી મદદ કરવા એકપણ મિત્ર તૈયાર નથી.

સુખમાં તો સૌ મિત્રો સાથ આપે, પણ દુઃખમાં સાથ આપે તે જ સાચો મિત્ર.



# ૧૫. દોસ્તીનો મંત્ર

એક જંગલ હતું. જંગલમાં એક ગુફામાં સિંહ અને ચિત્તો રહેતા હતા. બંને વચ્ચે પાકી દોસ્તી હતી.


બંને વચ્ચે એક દિવસ એક બાબતની મોટી દલીલ થઈ ગઈ. ચિત્તો કહે, ‘જ્યારે ચાંદો નાનો થાય છે, ત્યારે ઠંડી ખૂબ પડે છે.’

સિંહ કહે, ‘ના, જ્યારે ચાંદો મોટો થાય છે ત્યારે જ ઠંડી વધે છે. બંનેની વચ્ચે ઉગ્ર ચર્ચા ચાલી.

ત્યાં બાજુની ગુફામાં એક સાધુ રહેતા હતા. બંને તેમની પાસે ગયા.

સાધુએ કહ્યું બંનેની વાત સાચી છે. પણ જેમ પવન બદલાય એમ ઠંડી વધઘટ થાય છે. ઠંડી ભલે વધે કે ઘટે, પણ બંનેની દોસ્તી ક્યારેય ઘટવી ન જોઈએ.

સિંહ અને ચિત્તો સાધુની વાત સમજી ગયા.



# ૧૬. વાંદરો અને કઠિયારો

એક ઝાડ ઉપર વાંદરાનો પરિવાર રહેતો હતો. બાળ વાંદરાઓ આખો દિવસ રમવામાં, કૂદવામાં અને મસ્તી કરવામાં વ્યસ્ત રહેતા હતા. એક દિવસ બે કઠિયારા જંગલમાં લાકડાં કાપવા ગયા. તેમણે ઘણાં બધા લાકડાનો ભારો તે ઝાડ નીચે મૂક્યો અને ઝાડના છાયામાં લાકડા કાપવા ગયા. વાંદરાનાં બચ્ચાંને આ જોઈ બહુ નવાઈ લાગી, તેઓને આ રમત જેવું લાગતું હતું. તે જોઈ એમને ખૂબ મજા આવી. તેઓ ઝાડ ઉપરથી કઠિયારાઓને એકી ટસે જોઈ રહ્યા હતા. લાકડા કાપીને થાકી જતા કઠિયારાઓ એ આરામ કરવાનું વિચાર્યું. તેમણે કાપેલા, અડધા ફાડેલા લાકડાની વચ્ચે એક ખૂંટો લગાવી દીધો અને આરામ કરવા ચાલ્યા ગયા. બધા બાળ વાંદરા ઝાડ ઉપરથી નીચે ઉતરી કાપેલા લાકડાં પર મસ્તી કરવા લાગ્યાં. એક વાંદરું ફાડેલા લાકડાની વચ્ચે લગાવેલા ખૂંટાને ખેંચવા લાગ્યું. અચાનક જ ખૂંટો બહાર આવી ગયો અને વાંદરાની પૂંછડી તેમાં ફસાઈ ગઈ. વાંદરો બૂમાબૂમ કરવા લાગ્યો.




# ૧૭. વગર વિચારે જે કરે તે પસ્તાય

છગન રોજ નદીએ નાહવા જાય. એક દિવસની વાત છે. છગન નાહીને પાછા આવતા હતાં. ત્યાં આકાશમાંથી એમની આગળ એક નોળિયાનું બચ્ચું પડયું. એમણે એ બચ્ચાંને ઉઠાવી લીધું અને ઘરે લઈ ગયાં. એમણે ઘાયલ નોળિયાની સારવાર કરી. પછી તો એ નોળિયાનું બચ્ચું એમના ઘરમાં એવું હળીભળી ગયું કે જાણે એમના ઘરનું જ સભ્ય !

સમય જતાં છગનના લગ્ન થયાં. એમની પત્નીએ એક સુંદર દીકરાને જન્મ દીધો. નોળિયો પણ નાનકા દીકરા સાથે હળીભળી ગયો. એકવાર છગનની પત્નીને પાણી ભરવા જવાનું થયું. એણે છગનને ઘોડિયામાં સૂતેલા દીકરાનું ધ્યાન રાખવા કીધું. એ બેડું લઈને પાણી ભરવા ગઈ.

થોડીવારમાં રાજાના સિપાઈ છગનને બોલાવવા આવ્યાં. રાજાના સિપાઈને ના કેમ પાડવી? છગન નોળિયાને દીકરાનું ધ્યાન રાખવાનું કીધું. એ બારણું વાસીને સિપાઈ સાથે ગયાં.

એવામાં ક્યાંકથી એક સાપ દીકરાના ઘોડિયા પાસે આવી ચઢ્યો. નોળિયાએ સાપને જોયો. સાપે નોળિયાને જોયો. સામસામે લડાઈ શરૂ થઈ. ક્યારેક નોળિયો ઉપર તો ક્યારેક સાપ ઉપર. છેવટે નોળિયાએ સાપને હરાવી દીધો. ઘાયલ નોળિયો લોહીલુહાણ હતો.





બરાબર એજ સમયે છગનની પત્ની પાણી ભરીને ઘરે આવી. જુએ તો ઘરનું બારણું બહારથી બંધ. અરે... આમ કેમ ? તેણે તો હાંફળીફાંફળી થઈને દરવાજો ખોલ્યો. સામેથી લોહીલુહાણ નોળિયાને આવતો જોયો. તેણે વિચાર્યું કે, નક્કી આ નોળિયાએ મારા દીકરાને મારી નાંખ્યો.

ગુસ્સામાં એણે માથેથી પાણી ભરેલું બેડું નોળિયા ઉપર નાંખ્યું. નોળિયાના તરત જ રામ રમી ગયાં. છગન પણ રાજા પાસેથી કામ પતાવીને આવી ગયો. પતિ-પત્નીએ  ઘરમાં જઈને જોયું તો દીકરો ઘોડિયામાં ઘસઘસાટ ઊંઘતો હતો. એના ઘોડિયાની નજીક જ એક સાપ મરેલો પડયો હતો.

જે નોળિયાએ એમના દીકરાનો જીવ બચાવ્યો એ નોળિયાને વગર વિચારે મારી નાખવા બદલ તેમને પસ્તાવો થયો.

# ૧૮. તરસ્યો કાગડો

એક હતો કાગડો. ઉનાળાના દિવસો હતાં. કાગડાને લાગી તરસ. એક જગ્યાએ તેણે ઘડો જોયો. તેણે ઘડામાં જોયું. ઘડામાં થોડું પાણી હતું. પણ પાણી ઘણું ઊંડું હતું. કાગડાની ચાંચ એમાં ડૂબે એમ નહોતી.

એણે આમતેમ જોયું. આસપાસ થોડા કાંકરા પડેલા જોયા. કાગડાએ એક કાંકરો ઉપાડીને ઘડામાં નાંખ્યો. પાણી થોડું ઉપર આવ્યું. કાગડો રાજી થયો. એક-એક કાંકરો ઉપાડીને એણે ઘડામાં નાંખ્યો. પાણી ઉપર આવ્યું. કાગડાએ ધરાઈને પાણી પીધું.

કાગડો ખુશ થઈ ગયો.




# ૧૯. શિયાળની ચતુરાઈ

જંગલની એક ગુફામાં શિયાળ રહે. સવાર પડે અને શિયાળ ખોરાકની શોધમાં જંગલમાં જાય. સાંજે પાછું ફરે.

એકવાર એક ઘરડો સિંહ એ ગુફામાં આવીને સંતાઈ ગયો. એને થયું કે જે પ્રાણી અહીં રહેતું હશે એ જ આજે એનું ભોજન બની જશે. સાંજ પડી. શિયાળ ગુફા પાસે આવ્યું. એણે ગુફા પાસે સિંહના પગલાં જોયા. પગલાં ગુફામાં જતા હતાં. પણ પાછા આવતા નહોતા.

એને થયું કે સિંહ ગુફામાં જ હશે તો ? હવે શું કરવું? એણે જોરથી ઘાંટો પાડયો, 'ઓ મારી વહાલી ગુફા આજે કેમ તેં મને આવકાર ના આપ્યો ?'




સિંહને થયું આ બોલતી ગુફા લાગે છે. પણ આજે હું અહીં છું એટલે બોલતી નહીં હોય. ત્યાં તો શિયાળ વળી જોરથી બોલ્યું, 'જો તું મને હોંકારો નહીં આપે, તો હું હંમેશા માટે અહીંથી ચાલ્યો જઈશ.'

હવે સિંહને થયું કે લાવ મને જ હોંકારો ભરી દેવા દે.

'હમમમમ....' સિંહે ગુફામાંથી હોંકારો ભણ્યો.


શિયાળે સિંહનો અવાજ ઓળખ્યો. શિયાળ જીવ બચાવીને ભાગી ગયું.



# ૨૦. વાંદરા અને મગરની દોસ્તી

એક વાંદરો નદી કિનારે કેરીના ઝાડ પર રહેતો હતો. એક દિવસ એક મગરે કહ્યું, 'મને ભૂખ લાગી છે મહેરબાની કરી મને કંઈક ખાવા આપ.' વાંદરાએ મગરને કેરી ખાવા આપી. આમ આ ક્રમ દરરોજ ચાલવા લાગ્યો એમ કરતાં કરતાં મગર અને વાંદરો દોસ્ત બની ગયા.

એક દિવસ મગર કેરીનું ફળ તેની પત્નિ માટે લઈ ગયો. તેની પત્નિએ કેરી ખાઈને કહ્યું, 'વાંદરાનું કાળજું કેટલું મીઠું હશે! એ તો રોજ આ ફળ ખાય છે.' મગરની પત્નિએ એના પતિને વાંદરાનું કાળજું લાવવા કહ્યું. મગરની ઈચ્છા ન હતી પરંતુ પરાણે તૈયાર થયો.



બીજા દિવસે મગરે વાંદરાને કહ્યું, ‘દોસ્ત તને મારી પત્નિએ ભોજન ખાવા આમંત્રણ આપ્યું છે. ચાલ આપણે જઈએ.’ એમ કરી મગરની સાથે વાંદરો તેની પીઠ પર બેસી ગયો. રસ્તામાં મગરે મગરીવાળી વાત સાચેસાચી જણાવી દીધી. થોડી વાર પછી વાંદરાએ કહ્યું, ‘પણ મારું કાળજું તો હું ઝાડ પર મૂકી આવ્યો છું. ચાલો, આપણે પાછા જઈને લઈ આવીએ.’


પછી તો મગર વાંદરાને લઈને નદી કિનારે ઝાડ પાસે પહોંચે છે. તરત જ વાંદરો ઝાડ પર ચડી જાય છે અને કહે છે કે, ‘તે મારી સાથે વિશ્વાસઘાત કર્યો છે. ચાલ્યો જા.’ મગર ખૂબ જ દુઃખી થયો તેને થયું કે મેં મારો સારો મિત્ર ગુમાવ્યો.



# ૨૧. વાવો તેવું લણો

એક ગામમાં એક વેપારી રહે. એક દિવસ તે પોતાનો ઘોડો અને ગધેડો લઈને બજારમાં જવા નીકળ્યો. તેને પોતાનો સામાન ગધેડાની પીઠ પર મૂક્યો.


સામાનના ભારથી ગધેડાએ ઘોડાને પોતાની પીઠ પરનો સામાન ઊંચકવા કહ્યું. ઘોડો બોલ્યો, 'તને ભાર લાગે એમાં મારે શું? તારા પર લાદેલા સામાનનો બોજ તારે જ ઉપાડવો જોઈએ ને!'



ઘોડાની આવી વાત સાંભળી ગધેડો કંઈ જ બોલ્યો નહીં.

રસ્તામાં થોડું આગળ ગયા ત્યાં તો ખૂબ ભાર લાગવાથી ગધેડો રસ્તા વચ્ચે જ બેસી ગયો. તેના મોઢામાંથી ફીણ નીકળતું જોઈ વેપારીએ ગધેડા પર લાદેલો બધો જ બોજ ઘોડાની પીઠ પર મૂકી દીધો.

રસ્તામાં ચાલતી વખતે ઘોડાએ વિચાર્યું, 'મેં ગધેડાને બોજ ઊંચકવામાં મદદ કરી નહીં તેથી હવે છેક બજાર સુધી આ બધો જ બોજ મારે જ ઊંચકવો પડશે.'




# ૨૨. ધીરજનાં ફળ મીઠાં

એક વખત એક વરુએ ઘેટાંના ટોળામાંથી એક બચ્ચું ઊઠાવી લીધું. વરુ એને લઈને જંગલ તરફ ભાગ્યું. એ સમયે ઘેટાંના બચ્ચાએ કહ્યું કે, ‘વરુભાઈ, મને ખબર છે કે તમે મને ખાઈ જવાના છો. પણ, તમે મને ખાઈ જાઓ એ પહેલાં મારી એક છેલ્લી ઈચ્છા પૂરી નહિ કરો?’

વરુએ પૂછ્યું, ‘બોલ તારી છેલ્લી ઈચ્છા શું છે?’ ઘેટાંના બચ્ચાએ કહ્યું કે, ‘તમે વાંસળી ખૂબ સુંદર વગાડો છો, તે હું જાણું છું. તમે મને વાંસળી સંભળાવો ને!’

ઘેટાંના બચ્ચાંની વાત સાંભળી વરુ તો ફુલાઈ ગયું. તેને થયું કે, ‘ચાલ બચ્ચાંને ખુશ કરી દઉં પછી નિરાંતે તેને ખાઈ જઈશ.’



વરુએ વાંસળીના સૂર છેડયા. ઘેટાનું બચ્ચું બોલ્યું, 'વાહ! મજા પડી ગઈ. આ ગાય ચરાવતા લોકો પણ તમારા જેવી વાંસળી વગાડતા નથી અને વળી, આ જંગલમાં તમારા જેવી વાંસળી વગાડનાર બીજું કોઈ હશેય નહિ.'

વરુ પોતાનાં વખાણ સાંભળી રાજીનું રેડ થઈ ગયું. તેને હવે વધારે જુસ્સો ચઢ્યો. તે મોટે મોટેથી વાંસળી વગાડવા લાગ્યું.

ગાય ચરાવતા લોકો અને તેમના શિકારી કૂતરા વાંસળીનાં સૂર સાંભળી એ દિશામાં આવ્યા. તેમણે વાંસળી વગાડી રહેલા વરુને પકડી લીધું અને ઘેટાનું બચ્ચું દોડીને ઘેટાંના ટોળામાં પાછું જતું રહ્યું.




# ૨૩. કોણ નાનું-કોણ મોટું?

એક દિવસ પહાડ અને ઉંદર વચ્ચે ચર્ચા થઈ કે આ જગતમાં કોણ મોટું અને કોણ નાનું? પહાડે હસીને કહ્યું કે, 'જો ઉંદર, તું તો સાવ નાનકડો અને તુચ્છ છે!'

ઉંદરે વળતો જવાબ આપતાં કહ્યું, 'મને ખબર છે કે હું તારા જેવો મોટો નથી પણ તું પણ ક્યાં મારા જેવો નાનો છે?' પહાડે કહ્યું કે, 'આ ઊંચા આકાશમાં આમ થી તેમ જતાં વાદળોને હું અટકાવી શકું છું. એટલે મારું કદ મોટું છે.'

ઉંદરે કહ્યું, 'એ વાત સાચી, હું પણ તારા પાયામાં મોટાં મોટાં દર કરું છું. શું તું મને રોકી શકે છે?' પહાડ કંઈપણ બોલ્યા વગર ચૂપ થઈ ગયો.

આમ, ટચુકડા ઉંદરે પોતાની બુદ્ધિથી પહાડને બોલતો બંધ કરી દીધો.




નિપુણ ભારત નિપુણ ગુજરાત મિશન અંતર્ગત

પ્રારંભિક શિક્ષણ પાયાની સાક્ષરતા અને અંકજ્ઞાન
માટેની શૈક્ષણિક સહાયક સામગ્રી



# વાર્તા સંગ્રહ
## ભાગ - ૫



GCERT

समग्र शिक्षा
Samagra Shiksha

NIPUN BHARAT